# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

*****************************************************

1) PM મોદીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ સંબંધિત પહેલોની ચર્ચા કરવા CCS ની વિશેષ બેઠકની અધ્યક્ષતા કરી.

2) રાજ્યસભામાં આજે આંધ્રપ્રદેશ પુનર્ગઠન (સુધારા) બિલ, 2026 પર વિચારણાની સાથે સંસદનું બજેટ સત્ર સમાપ્ત થશે.

3) દેશના ૧૯ રાજ્યોમાં 92.5 મિલિયન ખેડૂત ઓળખ કાર્ડ જારી કરવામાં આવ્યા- ખાતરોના કાળાબજાર સામે થશે કડક કાર્યવાહી.

4) ઇરાન સામેના વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાના આરે હોવાથી અમેરિકન દળો ટૂંક સમયમાં તેમનું કાર્ય પૂર્ણ કરશે તેવી ટ્રમ્પની જાહેરાત.

5) ચંદ્રના પરિભ્રમણ માટેના નાસાના પ્રથમ ક્રૂ મિશન - આર્ટેમિસ 2 એ ઉડાન ભરી.

6) SAFF U 20 સ્પર્ધામાં ભારતે માલદીવના માલેમાં ભૂટાનને 5-0થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - CCS MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ મંત્રાલયો અને વિભાગોના કાર્યક્રમોની સમીક્ષા કરવા અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ સંબંધિત પહેલોની ચર્ચા કરવા માટે સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની ખાસ બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ મુદ્દા પર CCS ની આ બીજી ખાસ બેઠક હતી. બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીએ સામાન્ય માણસ માટે આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કર્યું. તેમણે દેશમાં ખાતરોની ઉપલબ્ધતા અને ખરીફ અને રવિ પાક દરમિયાન તેમની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવતા પગલાં અંગે પણ ચર્ચા કરી. બેઠક દરમિયાન, કૃષિ, ખાતરો, શિપિંગ, ઉડ્ડયન અને નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) માં ઉભરતા પડકારોનો સામનો કરવા માટેના પગલાંની ચર્ચા કરવામાં આવી. વધુમાં, LPG અને LNG ના પુરવઠામાં વૈવિધ્યીકરણ, બળતણ ડ્યુટી ઘટાડવા અને વીજળી ક્ષેત્રને સંબોધવા માટેના પગલાંની પણ સમીક્ષા કરવામાં આવી. આ અંગે સાંભળીએ અહેવાલ

# BUDGET SESSION CONCLUDE TODAY

સંસદનું બજેટ સત્ર આજે સમાપ્ત થશે. રાજ્યસભામાં આજે આંધ્રપ્રદેશ પુનર્ગઠન (સુધારા) વિધેયક, 2026 પર વિચારણા અને પસાર થવાની સંભાવના છે.

બજેટ સત્રનો પહેલો તબક્કો 28 જાન્યુઆરીએ શરૂ થયો હતો અને આ વર્ષે 13 ફેબ્રુઆરી સુધી ચાલુ રહ્યો હતો. બજેટ સત્રનો બીજો તબક્કો 8મી માર્ચે શરૂ થયો હતો. પ્રથમ તબક્કા દરમિયાન, રાષ્ટ્રપતિના ભાષણ અને 2026-27 માટેના કેન્દ્રીય બજેટ માટે આભાર પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. બીજા તબક્કામાં, સંસદે નાણા વિધેયક 2026 અને વિનિયોગ (નં. 2) વિધેયક 2026 ને મંજૂરી આપી હતી.

# RUSSIA DEPUTY PM VISIT

રશિયાના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી ડેનિસ મન્તુરોવ આજથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન, શ્રી મન્તુરોવ નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણને મળશે. રશિયન નાયબ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાજધાનીમાં સેવા તીર્થ 3 ખાતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને પણ મળશે.

# PMML- EXHIBITION

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલય (PMML) ખાતે એક દુર્લભ અને માહિતીપ્રદ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. "આર્કાઇવ્સ ઓફ PMML" શીર્ષક હેઠળ આ પ્રદર્શન જનતાને ભારતના આધુનિક ઇતિહાસના કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજોની ઝલક આપે છે.

આ પ્રદર્શનમાં મહાત્મા ગાંધીનો આધ્યાત્મિક એકતા પર બાપ્સીબાનુ પાવરીને લખેલો 1932નો પત્ર, પંડિત જવાહરલાલ નેહરુનો 1947નો હસ્તલિખિત ડ્રાફ્ટ "ટ્રાયસ્ટ વિથ ડેસ્ટિની" અને 1975-76માં કટોકટી દરમિયાન અટલ બિહારી વાજપેયીનો જયપ્રકાશ નારાયણ અને એન.એમ. ઘટટે સાથેનો પત્રવ્યવહાર શામેલ છે. મનમોહન સિંહનો 2012માં અણ્ણા હજારેને લખેલો પત્ર પણ જોવા મળશે.

આ સંગ્રહ દેશમાં આ પ્રકારનો એકમાત્ર સંગ્રહ છે, જેમાં 1,300થી વધુ વ્યક્તિગત અને સંસ્થાકીય સંગ્રહમાંથી 2 કરોડથી વધુ દસ્તાવેજો છે. આ પ્રદર્શન 14 એપ્રિલ, 2026 સુધી સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

# SHIVRAJSINH AGRICULTURE MINISTER MEETING

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે અત્યાર સુધીમાં 19 રાજ્યોમાં 92.5 મિલિયન ખેડૂત ઓળખ કાર્ડ જારી કરવામાં આવ્યા છે. શ્રી ચૌહાણે ગઈકાલે વિવિધ રાજ્યોના કૃષિ મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, કૃષિ મંત્રીએ રાજ્યોને ખાતરોના સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ મળવો જોઈએ, તેમની ફરિયાદોનો સમયસર ઉકેલ લાવવો જોઈએ અને ખરીદી સીધી ખેડૂતો પાસેથી થવી જોઈએ.

શ્રી ચૌહાણે નિર્દેશ આપ્યો હતો કે ખેડૂતોને આધાર-લિંક્ડ પોર્ટલ પર નોંધણી કરાવવી જોઈએ, અને ખરીદી કેન્દ્રો પર બાયોમેટ્રિક અથવા ચહેરાની ઓળખ ફરજિયાત બનાવવી જોઈએ.

કૃષિ મંત્રીએ જણાવ્યું કે દેશને પાંચ કૃષિ-આબોહવા ઝોનમાં વિભાજિત કરવામાં આવશે. તે મુજબ, પશ્ચિમ ક્ષેત્ર માટે પ્રથમ પરિષદ 7 એપ્રિલે જયપુરમાં યોજાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# INDIA - RICE - BURKINA FASO

ભારતે બુર્કિના ફાસોને 1,000 મેટ્રિક ટન ચોખા મોકલ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ સંવેદનશીલ સમુદાયો અને વિસ્થાપિત લોકો માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેમણે કહ્યું કે આ પગલું વૈશ્વિક દક્ષિણના દેશો માટે વિશ્વસનીય વિકાસલક્ષી, માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત ભાગીદાર તરીકે ભારતની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# AMIT SHAH ASSAM VISIT

કેન્દ્રિય ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે બપોરે આસામ વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી અને NDA ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરવા માટે બે દિવસના પ્રવાસે આસામ પહોંચશે. શ્રી શાહ આજે બપોરે 3 વાગ્યે નાગાંવ જિલ્લાના કાલિયાબોર મતવિસ્તારમાં આસોમ ગણ પરિષદના ઉમેદવાર કેશબ મહંતના સમર્થનમાં જાહેર સભાને સંબોધિત કરશે.

શ્રી શાહ આવતીકાલે સવારે 11 વાગ્યે ધુબરી જિલ્લાના રતિયાદહાના મેલા મેદાન વિસ્તારમાં ગોલોકગંજ મતવિસ્તારના ભાજપના ઉમેદવાર માટે એક રેલીને સંબોધિત કરશે.

# TRUMP

મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાના આરે હોવાથી અમેરિકન દળો ઈરાનમાં તેમનું કાર્ય ટૂંક સમયમાં પૂર્ણ કરશે તેવી જાહેરાત રાષ્ટ્રપતિ ટ્રમ્પે કરી છે. વ્હાઇટ હાઉસથી ટેલિવિઝન સંબોધનમાં, ટ્રમ્પે અમેરિકન અભિયાન - ઓપરેશન એપિક ફ્યુરીની સફળતાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમેરિકા પહેલા કરતાં વધુ મોટી જીત મેળવી રહ્યું છે. પોતાના 20 મિનિટના ભાષણમાં, ટ્રમ્પે કહ્યું કે, દરેક અમેરિકન એ દિવસની રાહ જોઈ શકે છે જ્યારે યુધ્ધ પૂર્ણ થશે.. રાષ્ટ્રપતિએ વચન આપ્યું હતું કે જ્યારે યુદ્ધ સમાપ્ત થશે, ત્યારે અમેરિકા પહેલા કરતાં વધુ સુરક્ષિત, મજબૂત, વધુ સમૃદ્ધ અને મહાન બનશે. તેમણે સાથી દેશોને હોર્મુઝ સ્ટ્રેટમાં શિપિંગ સુરક્ષિત કરવા માટે હિંમત વધારવા હાકલ કરી.

# ARTEMIS II

50 થી વધુ વર્ષો પછી ચંદ્રના પરિભ્રમણ માટેના નાસાના પ્રથમ ક્રૂ મિશન - આર્ટેમિસ 2 એ ઉડાન ભરી.

આ રોકેટ આજે ભારતીય સમય મુજબ સવારે 3:54 વાગ્યે અમેરિકાના ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી ઉડાન ભર્યું હતું. આ દસ દિવસના મિશન માટે ક્રૂ મિનિબસ કદના કેપ્સ્યુલમાં ચંદ્રની પરિક્રમા કરશે. આ મિશનમાં ચાર અવકાશયાત્રીઓ શામેલ છે.

આ મિશન દરમિયાન, અવકાશયાત્રીઓ અવકાશમાં જીવન-સહાયક, નેવિગેશન અને અન્ય સિસ્ટમોનું પરીક્ષણ કરશે. આ મિશનનો હેતુ ભવિષ્યમાં માનવસહિત ચંદ્ર ઉતરાણ માટે સિસ્ટમોનું પરીક્ષણ કરવાનો છે. આ મિશન પેસિફિક મહાસાગરમાં ઉતરાણ સાથે સમાપ્ત થશે. આ અંગે સાંભળીએ અહેવાલ

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને 6 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ 141 રનમાં ઓલઆઉટ થઈ હતી. દિલ્હી કેપિટલ્સે સમીર રિઝવીના અણનમ 70 રનની મદદથી 17.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યો હતો. રિઝવીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# FOOTBALL-SAFF U20

SAFF U 20 સ્પર્ધામાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે ગઈકાલે રાત્રે માલદીવના માલેમાં ભૂટાનને 5-0થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ભારત હવે આવતીકાલે ફાઇનલ મુકાબલામાં બાંગ્લાદેશનો સામનો કરશે. બંને ટીમો અગાઉ ગ્રુપ સ્ટેજમાં મળી હતી, જ્યાં મેચ 1-1થી ડ્રો રહી હતી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડિયા

- સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી અંગે આજે દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું એલાન; 15 મનપા, 84 નગરપાલિકા, 34 જિલ્લા અને 260 તાલુકા પંચાયતમાં 26 એપ્રિલે મતદાન, 28મીએ પરિણામ.

- સંદેશ લખે છે કે, આ અમારું યુદ્ધ નથી: સ્ટાર્મર, ટ્રમ્પને યુકેએ ઝટકો આપ્યો.

- નવગુજરાત સમયે લખ્યું છે કે, ટ્રમ્પનો દાવો: યુદ્ધ 2-3 સપ્તાહમાં પૂર્ણ, નાટો સાથે નાતો નહીં.

- અને ફૂલછાબ લખે છે કે, ઇંધણે ભડકાવી મોંઘવારીની આગ, કોમર્શિયલ LPGમાં 195.50 રૂપિયા, ATFમાં 8.5 ટકાનો વધારો.

- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, ધોરણ 1 થી 5 માટે 11 હજાર વિદ્યા સહાયકોની ભરતી થશે, ગંભીરા બ્રિજ 267 દિવસ પછી આજથી ધમધમશે, રોજ 6 હજાર વાહન આવજા કરશે, રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનોના વેંચાણમાં 111% નો ઉછાળો, જમીન-મિલકતના વ્યવહારોમાં હવે 30 દિવસની નોટિસમાંથી મુક્તિ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.